# ગુજરાત વિદ્યુત શુલ્ક નિયમન પંચની એડવાઈઝરી કમીટીમાં અરૂણ બુચની નિમણુંક

ગાંધીનગર તા ૧૯

વિજદરમાં થતા વધારા સંદર્ભે શહેર વસાહત મહામંડળ દ્વારા અનેકવાર જર્કમાં રજુઆત કરવામાં આવે છે. જયારે ગુજરાત વિદ્યુત શુલ્ક અને આનુસંગિક પ્રશ્નો તેમજ જાહેરહિતની બાબતો સહીત ભાવવધારાના પ્રશ્નો માટે ગ્રાહકોને રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયમન પંચની રચના કરવામાં આવી છે. ગુજરાત ઈલેક્ટ્રીસીટી એકટ ૨૦૦૩ મુજબ સ્ટેટ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચને રાજયકક્ષાની આ સલાહકાર સમિતિમાં નિમણુંક કરવામાં આવી છે.

ગુજરાતના વિજદર અને તેની આનુસંગિક બાબતો સહીતના પ્રશ્નોને અનુલક્ષીને જાહેરહીતની બાબતો તેમજ ભાવવધારાને લગતા પ્રશ્નો સંદર્ભે ગ્રાહકોને રજુઆત કરવા માટે ગુજરાત સરકારે વિદ્યુત નિયમન પંચની રચના કરી છે. વિદ્યુત શુલ્કમાં થતા ભાવવધારા સહીતના પ્રશ્નો અંગે શહેર વસાહત મહામંડળ દ્વારા પણ અનેકવાર જર્ક સમક્ષ રજુઆત કરી છે. વિદ્યુતને લગતા પ્રશ્નો અંગે પક્ષકાર બની વાંધા સુચનો રજુ કર્યા છે. જયારે તાજેતરમાં જ ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન જર્ક દ્વારા સ્ટેટ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચને પણ સ્થાન મળ્યુ છે. તેમની નિમણુંકને વસાહત મહામંડળના પદાધિકારીઓ સહીત નગરજનોએ આવકારી છે. મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

# મેડીકલ કોલેજ તંત્રની ખાનગી એજન્સી સામે લાલ આંખ

## સફાઈ કામ બે દિવસ કેમ બંધ રહ્યું તેની નોટીસ પાઠવી ખુલાસો પુછાયો : મેડીકલ કોલેજમાં કામદારોની માંગણીઓ સંતોષાતા હડતાલ સમેટાઈ

ગાંધીનગર, તા. ૧૯

પાટનગરની મેડીકલ કોલેજમાં ગતરોજથી પગાર વધાર મુદ્દે કર્મચારીઓ હડતાલ પાડી હતી. મેડીકલ કોલેજમાં સફાઈને અભાવે ઠેરઠેર ગંદકી જોવા મળી હતી. આજરોજ ખાનગી એજન્સીના કર્તાહર્તા ખુદ ગાંધીનગર દોડી આવ્યા હતા. અને કર્મચારીઓ જોડે બેઠક યોજીને પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવી દેતા બપોર બાદ હડતાલ સમેટાઈ ગઈ હતી. પરંતુ મેડીકલ કોલેજ તંત્રએ બે દિવસ સફાઈ બંધ રહેતા ખાનગી એજન્સીને નોટીસ પાઠવી કામ કેમ બંધ રહ્યું તેનો તાત્કાલીક ખુલાસો માંગ્યો છે. તેમજ એજન્સી પાસે થી નિયમ મુજબ દંડ પણ વસુલવામાં આવશે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં અને તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં સાફ સફાઈની જવાબદારી છેલ્લા ત્રણ વર્ષથી ખાનગી એજન્સીના શીરે છે. મેડીકલ કોલેજ અને હોસ્ટેલ સહિત અંદાજીત ૬૦ કર્મચારી ભાઈ બહેનો સફાઈની જવાબદારી સંભાળે છે. કર્મચારીઓની નાની મોટી અનેક સમસ્યાઓ હોવા છતા છેલ્લા કેટલાક સમયથી કોઈ સાંભળતુ ન હતું. તેમજ આટલી કારમી મોંઘવારીમાં ઓછા પગારમાં ઘર ચલાવવુ મુશ્કેલીરુપ હોય છે તેવી સ્થિતિમાં ગત માસનો પગાર આ માસ પણ અડધો ઉપર વિતી ગયો હોવા છતા પગાર ન મળતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. શનિ-રવિની રજાઓ અને સોમવારથી કર્મચારીઓ હડતાલ પર ઉતરી જતા સફાઈ કામ થયું ન હતું. જેને પગલે મેડીકલ કોલેજ અને હોસ્ટેલમાં ગંદકી નજરે ચડતી હતી.જેને પગલે મેડીકલ કોલેજ તંત્રએ તાત્કાલીક ખાનગી એજન્સીને નોટીસ પાઠવી કામ કેમ બંધ રહ્યું તેનો ખુલાસો પુછ્યો છે તેમજ એજન્સી સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેમ મેડીકલ કોલેજ તંત્રએ જણાવ્યું છે. જયારે ખાનગી એજન્સીના કર્તાહર્તા તાત્કાલીક આવી જઈને બપોર બાદ કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી.

જેમાં કર્મચારીઓની માંગણીઓ સંતોષાઈ જતા કર્મચારીઓએ હડતાલ સમેટી લીધી હતી. ઉલ્લેખનીય છે કે આ એજન્સીને અગાઉ પણ બે વાર તંત્ર દ્વારા દંડ ફટકારવામાં આવ્યો છે.



## શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરી શિક્ષણ કાર્ય કર્યુ

દહેગામ મ્યુનિસિપલ બોયઝ હાઈસ્કૂલ ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો અને કર્મચારીઓએ શિક્ષણ વિભાગના અનેક પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવવાથી સંઘના આદેશ અનુસાર કાળી પટ્ટી ધારણ કરીને શિક્ષણકાર્ય કર્યુ હતું.

# સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ૮મીથી ત્રીજી બેંચનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ગુજરાત સરકાર દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને માર્ગદર્શન અર્થે વર્ષ-૨૦૧૮માં લેવામાં આવનાર સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો ચાલુ કરવામાં આવ્યા છે. બે સફળ બેચના આયોજન બાદ તા. ૮-૭-૨૦૧૮થી ત્રીજી બેચ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૮માં આવનારી જી.પી.એસ.સી., ડી.વાય.એસ.ઓ., મામલતદાર અને વર્ગ-૨ની આવનારી ભરતીને ધ્યાનમાં રાખીને ત્રીજી બેચ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૮-૭-૨૦૧૮ના રોજ બપોરે ૧ થી ૨.૩૦ કલાક દરમિયાન સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન, સોમનાથ મહાદેવ મંદિર, વિદ્યા લાયબ્રેરી પાછળ, સેક્ટર-૧૬ ખાતે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોને જ નિયમિત વર્ગોમાં પ્રવેશ આપવામાં આવશે. રસ ધરાવતા ઉમેદવારોએ રજીસ્ટ્રેશન માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કાયમી સરનામાનું પ્રૂફ, ગ્રેજ્યુએશનની માર્કશીટ અથવા ડિગ્રી સર્ટીફિકેટ અથવા ગ્રેજ્યુએશનના અંતિમ વર્ષમાં હોય તેવા ઉમેદવારોએ છેલ્લે પાસ કરેલ સેમેસ્ટરની માર્કશીટ, પાસપોર્ટ સાઈઝ ફોટા સાથેના પ્રમાણપત્રો, જરૂરી કાગળો સાથે ઉપસ્થિત રહેવા માટે સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ અને મંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.

## શહેરની નવ વર્ષની દિકરીએ રોજા રાખ્યા



ગાંધીનગર, તા.૧૯

પવિત્ર રમજાન માસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો રોજા રાખતા હોય છે. શહેરના સેકટર-૩-ડીમાં રહેતી ૯ વર્ષીય સના મહંમદ ઘાંચી રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ધોરણ-૫માં અભ્યાસ કરે છે. રમજાન માસ દરમિયાન સનાએ રોજા રાખ્યા હતા. રમજાન માસમાં રોજા રાખવા સાથે મુસ્લિમ બિરાદરોની ધાર્મિક આસ્થા જોડાયેલી છે.

# ઓગષ્ટના અંત સુધીમાં સરકાર બિન સચિવાલય કલાર્કની જાહેરાત કરશે

રાજય સરકારની વિવિધ કચેરીઓમાં વર્ગ-૩ કલાર્કની અનેક જગ્યાઓ ખાલી પડી છે. ખાલી જગ્યાઓને લઈ મહેકમની હંમેશા અછત યથાવત રહે છે. પરિણામે સરકાર દ્વારા મહેકમની ઘટ દૂર કરવા માટે હવે બિન સચિવાલય કલાર્કની ખાલી જગ્યાઓ ભરવા ૧૦૦થી વધારે કલાર્કની ભરતી થશે. ભરતીને લઈ ટૂંક જ સમયમાં ભરતી અંગેની જાહેરાત બહાર પાડવામાં આવશે.

ગાંધીનગર નવા સચિવાલયને બાદ કરતા સંખ્યાબંધ સરકારી કચેરીમાં કલાર્કની ખાલી જગ્યાઓથી વારંવાર સરકારી કામકાજમાં ભારે વિલંબ થાય છે. મહેકમની ઘટમાં ઘટાડો કરવા છતાં પણ વધારો જ થતો જાય છે. ત્યારે ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે થોડા સમય અગાઉ વિવિધ વિભાગો પાસેથી માંગણા પત્રકો મંગાવી જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી શરુ કરી દીધી છે. સરકારે વિભાગીય કામગીરીને આખરી ઓપ આપી દીધો છે. સરકાર ટૂંક જ સમયમાં સંભવિત ૧૦૦૦થી વધારે જગ્યાઓ ભરવા માટે ઓગષ્ટના અંત સુધીમાં જાહેરાત પ્રસિધ્ધ કરશે તેવું સુત્રો જણાવી રહ્યા છે. આ બિન સચિવાલયની ભરતીને લઈ ગૌણ સેવા પસંદગી મંડળ પણ તૈયાર બેઠું છે.





## ચિલોડા પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

ચિલોડા પ્રાથમિક શાળાના ધો. ૧ થી ૮ના બાળકો માટે કૌશલ્યવર્ધક પ્રવૃત્તિ અંતર્ગત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર જિલ્લામાં પ્રવેશોત્સવ બાદ શાળાઓમાં બાળમેળા અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં બાળકોને કૌશલ્યવર્ધક અને જીવનશૈલીની વિવિધ પ્રવૃત્તિઓ શીખવાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં અભ્યાસ સહિત સામાન્ય જીવનની પ્રવૃત્તિઓ તેમજ લાઈફસ્કીલ પ્રવૃત્તિ દ્વારા બાળકોની સર્જનાત્મકતા, જિજ્ઞાસાવૃત્તિ, ચોકસાઈ જેવો કૌશલ્યનો વિકાસ થાય, જીવન કૌશલ્ય આધારિત બાળપ્રવૃત્તિઓ વિકસે અને જાણકારી પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુસર બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળમેળામાં ધોરણ-૧ થી ૫ ના તમામ બાળકોએ રંગપૂરણી, બાળવાર્તા, અભિનયગીત, કાતરકામ, કાગળકામ, ચીટક કામ, રમતો વગેરે પ્રવૃત્તિઓ કરી હતી. બાળમેળામાં ધો. ૬ થી ૮ના બાળકો માટે જીવન કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ જેવી કે મહેંદી, પુસ્તકને પૂંઠા ચઢાવવા, વૃક્ષારોપણ કરવુ, ક્યારા બનાવવા, રંગોળી કરવી, કાગળ ફાઈલ કરવા તથા હેરસ્ટાઈલ કરવી જેવી પ્રવૃત્તિઓ રાખવામાં આવી હતી.






શિક્ષણ એ વર્તમાન સમયની ખાસ જરૂરિયાત છે. પણ માત્ર શિક્ષણ મળી જવાથી પૂર્ણતા મળતી નથી. શિક્ષણ સામાન્ય શિક્ષણ અનેક જગ્યાએથી મળી રહે છે. એ સામાન્ય શિક્ષણ મનુષ્યને સાધારણ બનાવે છે. પરંતુ જ્યારે શિક્ષણ સાથે કેળવણી અને જીવન ઘડતરનું શિક્ષણ મળે ત્યારે જ વ્યક્તિનું વ્યકત્વ્ય ઘડાય છે. આવી કેળવણી આપતી એક માત્ર સંસ્થા કામેશ્વર કેમ્પસમાં આવેલી " K.I.S. An Excellent School" છે. આ શાળાનું ઉદ્દઘાટન તારીખ ૧૦.૦૬.૨૦૧૮ના રોજ યોજાયો અને શાળાઓ બાળક માટે ખુલ્લી મુકવામાં આવી. શાળા દ્વારા મૂલ્યવર્ધિત શિક્ષણની સાથે સાથે સ્માર્ટ બોર્ડ ટેક્નોલોજી સાથે પ્રેક્ટિકલ નોલેજ પાર ભાર મુકવામાં આવી રહી છે. શાળા પાસે વિશાળ રમત ગમતના મેદાનો હોવાથી ફૂટબૉલ, ક્રિકેટ, ટેનિસ, સ્કેટિંગ, બાસ્કટબોલ વગેરે જેવી રમત ગમે પાર પણ પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

શાળા દ્વારા મેથ્સ લેબ, ઈનોવેશનલેબ, આર્ટ ક્રાફટ, ડાન્સ, મ્યુઝિક, કરાટે વગેરે જેવી સહ અભ્યાસ પ્રવૃત્તિઓ પાર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. શહેરની એક માત્ર સંસ્થા દ્વારા વિશાળ મેદાન અને ગ્રીન કેમ્પસના કન્સેપટ અને શિક્ષણ જગતમાં ક્રાંતિ લાવવાનું કામ થઈ રહ્યું છે. શાળા પાસે વિશાળ પ્રિ- પ્રાયમરી સ્કૂલ બિલ્ડીંગ આવેલ હોવાથી બાળકોને કુદરતી વાતાવરણમાં સહ અભ્યાસ પ્રવૃત્તિ સાથે કૌશલ્ય વિકાસનું કામ કરવામાં આવી રહ્યું છે. શાળા આવનાર સમય માં ઉચ્છ અભ્યાસના વર્ગો ધો. ૧૧-૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વિનયન પ્રવાહ સારું કરવામાં આવનાર છે.

## ગુરૂવાર લાંબામાં લાંબો દિવસ

ગુરૂવારે અદ્દ્ભુત ખગોળીય ઘટનાના પરિણામે લાંબામાં લાંબા દિવસનો અનુભવ થશે. જ્યારે રાત ટુંકામાં ટૂંકી રહેશે.

સૂર્ય સંપાતની ઘટનાના કારણે ગુરૂવારે તા. ૨૧મી જૂનના રોજ લાંબામાં લાંબો દિવસ અને ટૂંકામાં ટૂંકી રાતનો અનુભવ કરશે. જાથાના ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યુ કે સૂર્ય ઉત્તર તરફ ખસતો જાય છે તેમ ઉત્તર ગોળાર્ધમાં દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. ૨૧મી જૂને સૂર્ય મહત્તમ ઉત્તર દિશા તરફ રહેશે જેને સંપાત દિન કહે છે. દર વર્ષે ૨૧મી જૂને આ ઘટના બને છે. આ વર્ષે આ દિવસે રાજકોટમાં ૧૩ કલાક ૨૮ મિનિટનો દિવસ, રાત્રી ૧૦ કલાક અને ૩૨ મિનિટ રહેશે. જ્યારે અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ અને રાત ૧૦ કલાક ૩૦ મિનિટની રહેશે.



## સે-૨માં વૃક્ષારોપણ થકી જન્મદિનની ઉજવણી

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાતના પુત્ર વિરાજના જન્મદિન નિમિત્તે આજે વોર્ડમાં સમાવિષ્ટ સેકટર-૨માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સેકટર-૨માં મહુડી હોલની બાજુમાં નગરસેવક પાયલબેન મેણાત ઉપરાંત સેકટરના અગ્રણી વસાહતીઓ તથા વડીલોની ઉપસ્થિતિમાં અહીં લીમડા અને પીપળાના વૃક્ષોનું વાવેતર કરાયું હતું. અને પર્યાવરણના જતનનો સંદેશ પાઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સે-૨ના બગીચામાં કેક કાપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સ્થાનિક કાર્યકરો મેહુલ સોલંકી તથા વસંતભાઈ પરમારે જહેમત ઉઠાવી હતી.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈ તૈયારી ચરમસીમા ઉપર

અમદાવાદ, તા.૧૯

ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યભરમાં જોરદાર તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. રાજ્ય સ્તરનો મુખ્ય કાર્યક્રમ અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજાનાર છે જેને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આસપાસના અતિક્રમણોને દૂર કરવામાં આવી ચુક્યા છે. પાણી સહિતની અન્ય સુવિધાઓ ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પહેલા જ તૈયારીના ભાગરુપે નિશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સફળ બનાવવા માટે રાજ્ય સરકારની સાથે સાથે અન્ય તમામ સંસ્થાઓ, સ્કુલો અને કોલેજો પણ લાગેલી છે. જુદી જુદી સ્કુલોમાં પણ યોગને લઈને તૈયારીઓ ચરમસીમા ઉપર પહોંચી ચુકી છે. બાળકોને પ્રેક્ટિસ કરાવવામાં આવી રહી છે. નવરંગપુરામાં આવેલી બેહરામુંગા, વસ્ત્રાપુરમાં અંધજન મંડળ ખાતે દિવ્યાંગ બાળકો દ્વારા પણ યોગા કરવામાં આવનાર છે. આ તમામને લઈને જોરદાર તૈયારીઓ કરાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવા માટે ગુજરાત સરકાર સજ્જ દેખાઈ રહી છે. સમગ્ર અમદાવાદ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં પાંચ લાખથી પણ વધુ લોકો કાર્યક્રમમાં ભાગ લેશે. વિશ્વ યોગ દિવસને સફળ બનાવવા ભવ્ય આયોજન કરાયું છે. વડાપ્રધાન મોદીના પ્રયાસોથી વર્ષ-૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સમાં ભારતીય યોગ પરંપરાને વૈશ્વિક સ્વીકૃતિ મળી છે. વર્ષ-૨૦૧૫થી વિશ્વના અનેક દેશોમાં ૨૧મી જૂનને વિશ્વ યોગ દિન તરીકે ઉજવતા આવ્યા છે.

આજ સ્વીકૃતિને વધુને વધુ વ્યાપક અને સર્વ સમાવેશક બનાવવાના હેતુ સાથે છેલ્લા ત્રણ વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતમાં તા.૨૧ જૂનના રોજ ૪થા વિશ્વ યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી શહેરના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે કરવામાં આવનાર છે. રાજ્ય સરકાર અને પતંજલિ યોગપીઠ દ્વારા યોગ દિવસની ઉજવણીને મહત્તમ સફળ બનાવવાના અસરકારક પ્રયાસો હાથ ધરાયા છે. રાજ્ય સરકાર અને પતંજલી યોગ પીઠના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ કાર્યક્રમમાં સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે અંદાજે ૧૦,૦૦૦ જેટલા લોકો એક સાથે યોગ કરશે.આ ઉપરાંત અમદાવાદ કલેકટર અને મહાનગરપાલિકાના સંયુકત પ્રયાસોથી સમગ્ર અમદાવાદમાં જુદા જુદા વોર્ડ, શાળા-કોલેજ કેમ્પસ, બાગ-બગીચા અને કોમ્પ્લેક્ષ જેવી વિવિધ જગ્યાઓ ઉપર અંદાજે પાંચ લાખથી વધુ લોકો યોગ કરીને વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગીદાર બનશે.

### છેડો ફાડતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતની સુરક્ષા અને અખંડતાના વ્યાપક હિતને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રવર્તી રહેલી સ્થિતિને કાબૂમાં લેવાના હેતુસર અમે રાજ્યમાં સત્તાની ડોર ગવર્નરને સોંપી દેવા ઈચ્છુક હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પીડીપી અને ભાજપ છેલ્લા ઘણા દિવસથી મતભેદ ધરાવતા હતા. આતંકવાદીઓ સાથે રમઝાનમાં યુદ્ધવિરામનો અંત લાવવા કેન્દ્રના નિર્ણયને લઈને પીડીપીને વાંધો હતો. ખીણમાં મહિના સુધી યુદ્ધવિરામની સ્થિતિ હોવા છતાં આતંકવાદી હુમલા વધ્યા હતા. જાણિતા પત્રકાર સુજાત બુખારી અને આર્મી જવાન ઔરંગઝેબની ઈદની પૂર્વ સંધ્યાએ હત્યા કરવામાં આવી હતી. માધવે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ખીણ માટે તમામ પગલા લીધા હતા પરંતુ મહેબુબા મુફ્તી સરકારે તેનું વચન પાળવા માટે કોઈ પગલા લીધા ન હતા. અમારા નેતાઓ જમ્મુ અને લડાખમાં વિકાસના કામોમાં પીડીપીથી મુશ્કેલી અનુભવી રહ્યા હતા. અગાઉના પહેલા મહિનામાં પણ બંને પાર્ટીઓ વચ્ચે મતભેદો સપાટી ઉપર આવ્યા હતા. માધવે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી જુદી જુદી વિચારધારા હોવા છતાં એક સાથે ચાલવાના પ્રયાસ કર્યા હતા.

### નિષ્ફળ રહ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધી રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહની સહમતિ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે એણ પણ કહ્યું હતું કે, ત્રણ વર્ષના ગાળા સુધી એક સાથે સરકાર ચલાવ્યા બાદ અમે આવા તારણ ઉપર પહોંચ્યા હતા કે, કાશ્મીરમાં જે પરિસ્થિતિ ઉભી થઈ હતી તેના ઉપર નિયંત્રણ કરવા માટે અમે અલગ થઈ રહ્યા છે. પીડીપીએ હંમેશા અડચણો ઉભી કરી હતી. જવાબદારી અદા કરવામાં મહેબુબા મુફ્તી નિષ્ફળ રહ્યા છે. મહેબુબા ખીણમાં સ્થિતિને સુધારવા નિષ્ફળ પુરવાર થઈ રહ્યા હતા. બીજી બાજુ કોંગ્રેસના નેતાઓએ પણ પ્રતિક્રિયાઓ આપી છે. પીડીપીના પ્રવક્તાનું કહેવું છે કે, ભાજપ સાથે મળીને સરકાર ચલાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા.

### મહેબુબા મુફ્તી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવવામાં ખુબ સમય લાગ્યો હતો. આ ગઠબંધનને મોટા ઈરાદા સાથે રચવાનો નિર્ણય થયો હતો. વડાપ્રધાનને દેશભરમાં જંગી સમર્થન મળ્યું હતું. આવી સ્થિતિમાં જમ્મુ કાશ્મીરના લોકો માટે ફાયદાકારક રહી શક્યો હોત. તેમણે કહ્યું હતુ કે, જમ્મુ કાશ્મીરમાં કઠોર નીતિ ચાલી શકશે નહીં તે વાત દેખાઈ આવે છે. જમ્મુ કાશ્મીર દુશ્મનોના ક્ષેત્ર તરીકે નથી. જમ્મુ કાશ્મીર અને લડાખને સાથે રાખવાના પ્રયાસ થયા છે. તેમણે એણ પણ કહ્યું હતું કે, જે ઈરાદાથી ગઠબંધનની રચના થઈ હતી તે ઈરાદા પૂર્ણ થયા છે. અમારી સરકારે યુદ્ધવિરામને રોકવાનો નિર્ણય કર્યો હતો. સત્તા માટે સરકાર અમે બનાવી ન હતી. અમે એજન્ડા ઉપર ચાલી રહ્યા હતા. ભાજપ સરકારમાં આવ્યા બાદ જમ્મુ વિસ્તારમાં રહેતા મુસ્લિમો થોડીક મુશ્કેલી પણ અનુભવી રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં કુલ સીટોની સંખ્યા ૮૭ રહેલી છે. બહુમતિ માટેનો આંકડો ૪૪ રહેલો છે. હાલમાં પીડીપી પાસે ૨૮ અને ભાજપ પાસે ૨૫ સીટો છે. એનસી પાસે ૧૫ અને કોંગ્રેસ પાસે ૧૨ સીટો રહેલી છે. જુદા જુદા સમીકરણો હજુ પણ રહેલા છે.

### દખલ મંજૂર નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીને ત્રિપક્ષીય વાતચીત કરવી જોઈએ. રવીશ કુમારે કહ્યું- ×અમે પાકિસ્તાન સાથે વાતચીત પર ત્રીજા પક્ષને સામેલ કરવા વિશે ચીનના રાજદૂતનું નિવેદન સાંભળ્યું છે, પરંતુ અમને ચીન સરકાર તરફથી આ પ્રકારની કોઈ સલાહ મળી નથી. અમને લાગે છે કે આ રાજદૂતનો વ્યક્તિગત વિચાર છે.×

ચીનના રાજદૂત લુ ઝાઓહુઈએ દિલ્હીમાં એક કાર્યક્રમમાં આ સલાહ આપી. તેમણે કહ્યું કે કેટલાક ભારતીય દોસ્તોએ મને આ પ્રકારની વાતચીતનો આઈડિયા આપ્યો છે. ચીન, રશિયા અને મંગોલિયાના નેતા પણ આવું કરી ચૂક્યા છે. એટલે ભારત અને પાકિસ્તાનને પણ પોતાના મુદ્દાઓના ઉકેલ માટે આવું કરવું જોઈએ. ભલે હમણા નહીં પરંતુ ભવિષ્યમાં તે યોગ્ય દિશામાં ભરેલું પગલું સાબિત થઈ શકે છે.

### પ્રદર્શન સમેટાયુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી સાથે પ્રથમ વાતચીતમાં એલજી અનિલ બેજલે કેજરીવાલને પત્ર લખીને તેમને અધિકારીઓ સાથે તરત વાતચીત કરવા માટે કહ્યું હતું. સાથે સાથે બંને પક્ષોની તકલીફોને દૂર કરવા માટે કહ્યું હતું. સિસોદિયાએ મડાગાંઠનો અંત લાવવા માટે સરકાર અને અધિકારીઓ વચ્ચે વાતચીત માટેની માંગ કરી હતી. અરવિંદ કેજરીવાલ અધિકારીઓની હડતાળના વિરોધમાં ધરણા પ્રદર્શન કરી રહ્યા હતા. કેજરીવાલે કહ્યું હતું કે, આઈએએસ અધિકારી મોદીના આદેશ ઉપર ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. વડાપ્રધાન અને એલજીને પત્ર લખીને અધિકારીઓની હડતાળને ખતમ કરવાની માંગ કરવામાં આવી હતી. ત્યારબાદ ચાર રાજ્યોના મુખ્યમંત્રી કેજરીવાલના સમર્થનમાં આવ્યા હતા. નીતિ આયોગની બેઠકમાં આ ચારેય મુખ્યમંત્રીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી જેમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ રહ્યા હતા.

### ગાંધીનગર સ્ટેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસોમાં વડાપ્રધાન તેમજ રેલવે બોર્ડને પણ રજુઆત કરવામાં આવી હતી. જેના અંતે તાજેતરમાં જ અમદાવાદ વેસ્ટર્ન રેલવેના મેનેજરે ગાંધીનગર સ્ટેશનને ટુંકમાં નવી ટ્રેઈનો મળશે તેવી સત્તાવાર મહામંડળને જાણ કરી છે. વેસ્ટર્ન મેનેજરે જણાંવ્યા મુજબ હોટલનુ કામ પુર્ણ થયા બાદ ગાંધીનગર સ્ટેશન પર નવી ટ્રેઈનો દોડતી થાય તનુ કામ હાથ ધરાશે. મહામંડળના મયુર વ્યાસ ,સુધીર દેસાઈ, બી એ શુકલ નિલેન્દુ વોરા સહીતના પદાધિકારીઓએ રાજકોટ, કચ્છ, પોરબંદર સોમનાથ સહીતના સ્ટેશનો આબુ અને મેમુ ગાડીઓ વાયા ગાંધીનગર દોડાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

### ભીષણ આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દીધો હતો. લખનૌના ચારબાગ રેલવે સ્ટેશનથી આશરે ૨૦૦ મીટરના અંતરે સ્થિત હોટેલ વિરાટ ઈન્ટરનેશનલમાં સવારે આગ લાગી હતી. સ્થાનિક લોકોના કહેવા મુજબ જે સમય ઘટના બની ત્યારે હોટેલના તમામ કર્મચારીઓ અને હોટેલમાં રોકાયેલા લોકો ઉંઘી રહ્યા હતા. થોડાક સમય બાદ જ્યારે આગ ફેલાવવા લાગી ત્યારે હોટેલના અંદર રહેલા કર્મચારીઓમાં અને પ્રવાસીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. સાક્ષીઓએ વિગત આપતા કહ્યુ છે કે એક જોરદાર બ્લાસ્ટ બાદ આગ ફાટી નિકળી હતી. લોકો કઈ પણ સમજે તે પહેલા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા લોકો ફસાઈ ગયા હતા. ઉતાવળમાં લોકોએ તરત જ પોલીસ અને ફાયરબ્રિગેડને માહિતી આપી હતી. શરૂઆતમાં ફાયરની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. થોડાક સમયમાં જ આગ હોટેલના બીજા માળ સુધી પહોંચી ગઈ હતી. ફાયરની અન્ય ટીમો અને ગાડીઓ પણ ત્યારબાદ પહોંચી ગઈ હતી.